ગાંધીનગર જિલ્લામાં ૧૧૬૦ સ્થળોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર જિલ્લા કક્ષાના યોગ કાર્યક્રમની ઉજવણી ત્રિમંદિર, અડાલજ ખાતે કરાઇ : જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ૩૮૦૦ નાગરિકો યોગ કાર્યક્રમમાં જોડાયા




ગાંધીનગર,તા.૨૧

આજે દેશભરમાં આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ યોગ દિવસની ઉજવણી ગાંધીનગર જિલ્લામાં કરવામાં આવી હતી. જિલ્લાના ૧૧૬૦ સ્થળો ખાતે યોગ દિવસની ઉજવણી કરાઇ હતી. જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ કન્વેન્શન સેન્ટર, ત્રિમંદિર, અડાલજ ખાતે યોજાયો હતો. સમગ્ર જિલ્લામાં ૨.૫૦ લાખ જેટલા નાગરિકો યોગ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વ યોગ દિવસના કાર્યક્રમોમાં મૈસુરથી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા.

વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશના નાગરિકોને યોગને પાર્ટ ઓફ લાઇફ નહિ પરંતુ વે ઓફ લાઇફ બનાવવાનું આહૂવાન કર્યું હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, તણાવપૂર્ણ યોગ આપણી ઉત્પાદકતા વધારે છે.

યોગને આપણે જાણવાનો છે, જીવવાનો છે, પામવાનો છે, અપનાવવાનો છે, વિકસાવવાનો- વિસ્તારવાનો છે. આ વર્ષની માનવતા માટે યોગની થીમનો ઉલ્લેખ કરીને વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર યોગ દિવસે સૂર્યના પ્રથમ કિરણ સાથે યોગ કરી રહ્યા છે, ત્યારે ગાર્ડિયન રિંગ ઓફ યોગ સાકાર થઇ રહી છે. ગુજરાત રાજયના ૭૫ આઇકોનિક સ્થળો ખાતે વિશેષ યોગ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના ચાર સ્થળોને આઇકોનિક સ્થળો તરીકે પસંદગી કરવામાં આવી હતી. જેમાં અડાલજની વાવ, અંબાપુરની વાવ, કંથારપુરનો વડ અને રૂપાલ વરદાયિની માતાજી મંદિરની પસંદગી કરવામાં આવી હતી. આજરોજ ગાંધીનગરના આ સ્થળો ખાતે યોગ કાર્યક્રમમાં નાગરિકો સહભાગી બન્યા હતા. તેમજ અંબાપુરની વાવ ખાતે મુકબધિર બાળકો દ્વારા યોગ કરવામાં આવ્યો હતો. તેમજ અડાલજની વાવ ખાતે યોગ કાર્યક્રમ બાદ સૂર્ય નમસ્કાર કાર્યક્રમ પણ યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના ૧૧૬૦ સ્થળો ખાતે યોગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દરેક તાલુકા મથકો, નગરપાલિકા વિસ્તાર, ખાનગી માધ્યમિક- ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજા, પોલીટેક્નિક, ઇજનેરી તેમજ ફાર્મસી કોલેજો, આઇ.ટી.આઇ., જી.આઇ.ડી.સી. એસ્ટેટ-કારખાના, તમામ દિવ્યાંગ સસ્થાઓ પી.એચ.સી. સેન્ટર, આયુર્વેદ હોસ્પિટલ અને દવાખાનાઓ, ગ્રામ પંચાયતો, પોલીસ સ્ટેશન, ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડ, સ્વર્ણિમ પાર્ક ખાતે યોગ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમજ જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ કન્વેન્શન સેન્ટર, ત્રિમંદિર, અડાલજ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુલ- ૪૦૦૦ લોકોએ યોગ કાર્યક્રમમાં સહભાગી બનવા રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. આજે ૩૮૦૦ લોકો જિલ્લા કક્ષાના યોગ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. તેમજ સમગ્ર જિલ્લાના નક્કી કરેલા ૧૧૬૦ સ્થળો ખાતે ૨.૫૦ લાખ લોકો યોગ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. ગાંધીનગર જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં કન્વેન્શન સેન્ટરમાં યોગ કાર્યક્રમ સાથે સાથે બહારના સંકુલમાં ૧૦૦ વધુ બાળકો દ્વારા સૂર્ય નમસ્કાર નો કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં બ્રહમાકુમારી પરિવારની બહેનો, સમર્પણ જ્ઞાન સમિતિ, આર્ટ ઓફ લિવિંગ, વનશ્રી ટ્રસ્ટ, કડવા પાટીદાર સમાજ સંસ્થાના સભ્યો, ત્રિમંદિર પરિવારના સભ્યો, વિવિધ ધાર્મિક – સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ – સભ્યો, ગાંધીનગર પોલીસના જવાનો, બી.એસ.એફ.ના જવાનો ચેતક કમાન્ડો સહિત નાગરિકો જોડાયા હતા. ગાંધીનગરના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા પોલીસ વડા શ્રી શ્રી તરૂણકુમાર દુગલ, અધિક નિવાસી કલેકટર શ્રી રીતુ સિંગ, જિલ્લા આયુર્વેદ અધિકારી અને યોગ કાર્યક્રમના નોડલ અધિકારી શ્રીમતી ડૉ. ભાવનાબેન પટેલ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી મોડિયા ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ યોગ દિવસે સમગ્ર શહેર યોગમય બન્યું

શહેરમાં વહેલી સવારથી જ વિવિધ સ્થળે યોગ-પ્રાણાયામ યોજાયાં : મનપા દ્વારા પહેલીવાર અક્ષરધામ ઉપરાંત વોર્ડ વાઇઝ આયોજન કરાયાં : શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત કેટલાંક ખાનગી એકમો દ્વારા પણ યોગ દિવસ ઉજવાયો

ગાંધીનગરઃ તા.૨૧

સ્વર્ણિમ પાર્ક ખાતે મનપાએ યોગ દિવસની ઉજવણી કરી

'માનવતા માટે યોગ'ની થીમ સાથે ૨૧મી જૂન ૨૦૨૨ના રોજ ૮માં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણીમ પાર્ક ખાતે મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન જસવંત પટેલ, મ્યુનિસિપલ કમિશનર ડો.ધવલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રુચિર ભટ્ટ, નાયબ મ્યુ. કમિશનર ડૉ. પી.ડી. માનસતા, નાયબ મ્યુ. કમિશનર કેયૂર જેઠવા સહિત અધિકારીઓ તેમજ કર્મચારીઓએ પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે મેયરે જણાવ્યું હતું કે "વડાપ્રધાનની દિર્ઘ દ્રષ્ટિને કારણે જ યોગ આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વિકૃત્ત બન્યો છે અને વિશ્વભરમાં આ દિવસ ઉજવાય તે આપણા માટે ગર્વની વાત છે." કાર્યક્રમમાં રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ તેમજ કોઓર્ડીનેટર ભાવના જોષી સહિત યોગ ટ્રેનર્સ ડો.પરાગી ગાંધી, પાયલ પટેલ, રણવિર સિંહ અને વિશાલ પટેલની ટીમે ઉપસ્થિત તમામને યોગ નિદર્શન કર્યુ હતું જ્યારે કાર્યક્રમનું સંચાલન જાણીતા કલાકાર અને સામાજિક અગ્રણી વિનોદ ઉદેચાએ કર્યુ હતું. કાર્યક્રમમાં વિવિધ શાળા કોલેજના વિદ્યાર્થીઓ જોડાયાં હતા. આ વખતે યોગ-પ્રાણાયામ કરાવતી વખતે ઓમકારનું ઉચ્ચારણ કરવાનું ટાળવામાં આવ્યું હતું જે બાબત ચર્ચાસ્પદ બની હતી.

મધુર ડેરી દ્વારા યોગ સપ્તાહ ઉજવાયું

ગાંધીનગરની મધુર ડેરી દ્વારા જિલ્લાની ૧૪ દૂધ ઉત્પાદક મંડળીઓ ખાતે તા. ૧૭મીથી તા. ૨૧મી જૂન સુધી પાંચ દિવસ માટે યોગ શિબિરો યોજવામાં આવી હતી જેમાં ભારતીય યોગ સંસ્થાનના યોગ શિક્ષકો દ્વારા યોગ નિદર્શન કરવાની સેવા આપવામાં આવી હતી. આ સાથે મધુર ડેરી દ્વારા નિયમિત યોગ વર્ગો શરૂ કરવાનું આયોજન વિચારાઇ રહ્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

આઇઆઇટી ગાંધીનગર

પાલજ ખાતેની આઇઆઇટી ગાંધીનગરમાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના ઓફિશિએટીંગ ડાયરેક્ટર પ્રો. અમિત પ્રશાંતે હાજરી આપી હતી. અત્રે પ્રો. નીતિન પઢિયાર અને યોગ ઈન્સ્ટ્રક્ટર હેમંત શાહે યોગ કરાવ્યા હતા જેમાં અષ્ટાંગ યોગનો પણ સમાવેશ કરાયો હતો.

હોટલ લીલા ખાતે યોગ દિવસ ઉજવાયો

શહેરના રેલ્વે સ્ટેશન ઉપરની પંચતારક હોટલ 'ધ લીલા ગાંધીનગર' ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી જાણીતા યોગ સેન્ટર

કૈવલ્ય યોગ શાળાના સહયોગથી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાત કરતા 'ધ લીલા ગાંધીનગર' અને મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબીશન સેન્ટરના વાઇસ પ્રેસિડેન્ડ તથા જનરલ મેનેજર જયદીપ આનંદે જણાવ્યું હતું કે 'આજના વિશેષ યોગ સેશનના આયોજન સાથે અમારા વેલનેસ પ્રોગ્રામ અંતર્ગત ''ઓજસ્યા ધ લીલા'' શુદ્ધ આહારનું મેનુ આપવામાં આવ્યું હતું.

સિદ્ધાર્થ લો કોલેજ, સે. ૧૬

ગાંધીનગરના સે. ૧૬ ખાતેની સિદ્ધાર્થ લૉ કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કોલેજના સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, સે. ૨૩

શહેરના સે. ૨૩માં કડી કેમ્પસની ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ ખાતે એનએસએસ, એનસીસી તથા સ્પોર્ટસ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ આચાર્ય ડૉ. હરિત પટેલના માર્ગદર્શન સાથે આયોજન કરાયું હતું જેમાં યોગ ટીચર પ્રો. પાયલબેન પંડ્યાએ યોગ નિદર્શન કર્યુ હતુ જેમાં વિદ્યાર્થીઓ રૂપલ દેસાઈ અને રીંકુ વાઘેલાએ સેવાઓ આપી હતી.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ

સરગાસણ વિસ્તારની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલ યોગ-પ્રાણાયામ કાર્યક્રમમાં જાણીતા યોગ ટ્રેનર મીનાબેન પરમારે બાળકોને યોગ, આસનો, પ્રાણાયામ અને સૂર્ય નમસ્કાર કરાવ્યા હતા. આ સાથે આર્ટ ઓફ લિવિંગના સુરેશભાઈ પરમાર બાળકોને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક-સ્વાસ્થ્ય સંતુલન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

દાંડી કુટિર સંગ્રહાલય

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દાંડી કુટિર ખાતે પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ અને યુવા સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના વિભાગના

સંયુક્ત ઉપક્રમે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પુરાતત્વ અને સંગ્રહાલય ખાતાના નિયામક ડૉ. પંકજ શર્માએ પણ હાજર રહી સ્ટાફ સાથે યોગ કર્યા હતા.

સેક્ટર-૨૫ ગાર્ડન

શહેરના વિવિધ વોર્ડમાં આયોજિત વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે વોર્ડ નં. ૧ ના સેક્ટર-૨૫ ખાતે ગાર્ડનમાં યોગ પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય યોગ બોર્ડ સાથે સંકળાયેલા મનોજકુમાર મેન્શન તથા હર્ષાબેન દ્વારા યોગાર્થીઓને યોગ કરાવાયા હતા.

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે. ૧૨

ગાંધીનગરના સે. ૧૨ ખાતેની સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારના આચાર્ય ભાવેશ જાની સહિત શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓ જોડાયાં

હતા. આ કાર્યક્રમમાં તેમણે લાઈવ પ્રસારણના માધ્યમથી યોગાસન કર્યા હતા.

ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સીંગ

શહેરના સેક્ટર-૭ ખાતેની ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સીંગ કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સંસ્થાના બેઝીક

બીએસસી, જીએનએમ તથા પોસ્ટ બેઝીક બીએસસીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ મોનિકા ક્રિશ્ચિયન સહિત સ્ટાફ ગણ પણ જોડાયા હતા.

અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨

શહેરના સેક્ટર-૨ ખાતેના અર્બન હેલ્થ સેન્ટરમાં યોગ દિવસની ઉજવણીમાં તબીબો સહિત તમામ સ્ટાફ જોડાયો હતો. આ કાર્યક્રમમાં

યોગ શિક્ષક શકુંતલાબેન દ્વારા યોગ નિદર્શન કરાયું હતું જેમાં સિનિયર સિટીઝન્સે પણ ભાગ લીધો હતો.

હોમગાર્ડ યુનિટ, ગાંધીનગર

જુના સચિવાલય ખાતે હોમગાર્ડ જિલ્લા કમાન્ડન્ટની કચેરીએ સવારે ૬.૩૦ થી ૮.૩૦ દરમ્યાન યોગ શિબિર યોજાઈ હતી. જેમાં

નેસર્ગિક સ્વાસ્થ્ય મંડળના વર્ષાબેન દવે અને યોગ પ્રચારક ગીરીશ આર્ય તથા ટીંટોડા આયુર્વેદ દવાખાનાના યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા યોગ નિદર્શન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ વી.આર. પ્રજાપતિ સહિત અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયાં હતા.

ગાંધીનગર હોમિયોપેથિક મેડીકલ કોલેજ

ગાંધીનગર હોમિયોપેથિક મેડીકલ કોલેજમાં યોગ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં

કોલેજના ચેરમેન પ્રવિણભાઈ ગોહિલ તથા મેનેજીંગ ડિરેક્ટર વિશાલ જાદવ તેમજ પ્રિન્સિપાલ શશાંક કોઠારી સહિત ટ્રસ્ટીઓ ઉપસ્થિત ર્હ્યાં હતા.

રંગતાલ પ્રિ સ્કૂલ, રાંધેજા

ગાંધીનગરમાં સમાવિષ્ટ રાંધેજા ખાતેની રંગતાલ પ્રિ સ્કૂલમાં

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાંધેજા તેમજ રૂપાલ ગામ ખાતેના નાના ભૂલકાંઓએ ભાગ લઈને યોગ કર્યા હતા.

ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા

સાદરા ખાતેના ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામ સેવા કેન્દ્રમાં તાલુકા કક્ષાના યોગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લાના નાયબ મામલતદાર હરેશ પટેલ, સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, સંયોજક રમેશ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નિરજ સિલાવટે કર્યુ હતું.

સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ

ગાંધીનગરના ભાટ ખાતેની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ

ટેકનોલોજી ખાતે યોજાયેલ યોગ દિવસની ઉજવણીમાં આશરે ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણ જોડાયો હતો. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. હિતેશ વંડરા અને ડાયરેક્ટર ડૉ. ધર્મેશ વંડરા ઉપસ્થિત રહ્યાં હતા.

કાંઠા પ્રાથમિક શાળા

વિશ્વ યોગ દિવસની ઉજવણી અંતર્ગત કાંઠા પ્રાથમિક શાળા ખાતે શાળાના બાળકો, સ્ટાફ તથા આંગણવાડી કેન્દ્રના મિત્રો, આરોગ્ય

કેન્દ્રના કર્મચારીઓ સહિત એસએમસી સભ્યો પણ યોગ પ્રાણાયામમાં જોડાયા હતા.

આંગણવાડી નં. ૧ અને નં. ૨, સોનીપુર

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામે આંગણવાડી નં. ૧ અને નં. ૨ સાથે સોનીપુર પ્રાથમિક શાળામાં આચાર્ય મીનાબેન ભોયે તથા સ્ટાફ દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોગ દ્વારા જીવનમાં આવતા પરિવર્તન અંગે બાળકોને માર્ગદર્શન આપીને નિયમિત યોગ કરવા પ્રેરિત કરાયાં હતા.